# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્ય વિધાનસભાના અંદાજપત્ર સત્રનું ગઈકાલે સમાપન - મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાત માટે સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી.**
2. **ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા એસ.ટી. બસના ભાડામાં 10 ટકાનો વધારો કરાયો.**
3. **સાબરકાંઠા જિલ્લામાં ઈડર-બડોલી બાયપાસ માટે 705 કરોડ રૂપિયાની કેન્દ્ર સરકારની મંજૂરી.**
4. **કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તેમજ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાજ્યના પ્રવાસે.**
5. **નમામિ દેવી નર્મદેઃ ના નાદ સાથે આજથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો પ્રારંભ.**
6. **ગાંધીનગરમાં 72-મી ઑલ ઇન્ડિયા પૉલીસ ઍક્વેટિક્સ અને ક્રૉસ-કન્ટ્રી ચેમ્પિયનશિપનું સમાપન.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM VIDHANSABHA SAMBODHAN

વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્ય એ કમર કસી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે.

ગાંધીનગરમાં 15મી વિધાનસભાના છઠ્ઠા સત્રના સમાપન સત્રને સંબોધતા શ્રી પટેલે કહ્યું, આગામી 25 વર્ષ માટે રાજ્યના ભાવિ વિકાસના લક્ષ્યાંકો નિર્ધારિત કરાયા છે. વર્ષ 2070 સુધીમાં કાર્બન ન્યૂટ્રલ નેટ ઝીરો બનાવવાની ગુજરાતની નેમ હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનામાં પણ લગભગ 42 ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં અગ્રીમ સ્થાને હોવાનું પણ શ્રી પટેલે જણાવ્યું હતું. તેમણે રાજ્યમાં અન્નદાતાનો કૃષિ ખર્ચ ઘટે અને તેમની આવક વધે તેવા રાજ્ય સરકારના સફળ પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો. ઉપરાંત શ્રી પટેલે ગુજરાત રાજ્ય સેમિ-કન્ડક્ટર ક્ષેત્રમાં દેશનું નેતૃત્વ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

---

# CM ABHYUDAY NFSU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવાઓને વરસાદી પાણીના સંગ્રહના અભિયાન 'કેચ ધ રેઈન', એક પેડ માં કે નામ તેમજ વિકસિત અને સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવવા આહ્વાન કર્યું છે. ગાંધીનગરની રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSU ખાતે ત્રણ દિવસના 'ન્યાય અભ્યુદય- ટેક્નૉ લિગલ ફૅસ્ટનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

**શ્રી પટેલે આ ફેસ્ટને ન્યાયની ભાવના સશક્ત બનાવનારું આયોજન ગણાવી. તેમજ આના માધ્યમથી રાજ્યમાં N.F.S.U. દ્વારા કરાયેલી પહેલની પ્રશંસા પણ કરી હતી.**

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

**ઉલ્લેખનીય છે કે , આ ફેસ્ટનો ઉદ્દેશ ન્યાયસહાયક વિજ્ઞાન અને કાયદાઝી સજ્જ વકીલોની નવી પેઢી તૈયાર કરવાનો છે. આ ફેસ્ટમાં સમગ્ર દેશમાંથી કુલ 61 ટીમના 200 વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.**

---

# GSRTC ST FARE

**ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ - GSRTC દ્વારા એસ. ટી. બસના ભાડામાં 10 ટકાનો વધારો કરવાનો નિર્ણય કરાયો છે. આ ભાવ વધારો આજથી અમલી બન્યો છે.**

**સાંભળીએ એખ અહેવાલ.**

**(વોઇસ કાસ્ટ – અર્પણા ખુંટ )**

*સત્તાવાર યાદી મુજબ, લોકલ સર્વિસના ભાડામાં ચાર રૂપિયા સુધીનો વધારો કરાયો છે. હાલમાં લોકલ સર્વિસમાં 85 ટકા એટલે કે, 10 લાખ જેટલા મુસાફરો 48 કિલોમીટર સુધીની મુસાફરી કરે છે. અગાઉ GSRTC દ્વારા વર્ષ 2023માં બસના ભાડામાં 25 ટકાનો વધારો કરાયો હતો. સલામત સવારી એસટી અમારીના સૂત્ર સાથે રાજ્યમાં દરરોજ આઠ હજાર જેટલી બસનું સંચાલન થાય છે. સત્તાવાર યાદી મુજબ, આ તમામ બસ 32 લાખથી વધુ કિલોમીટરનું અંતર કાપીને 27 લાખ મુસાફરોને પરિવહનની સુવિધા પૂરી પાડે છે.*

---

# GUJARAT BYPASS SANCTION

કેન્દ્ર સરકારે સાબરકાંઠા જિલ્લામાં ઈડર-બડોલી બાયપાસ માટે 705 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. 14 કિલોમીટરના આ બાયપાસથી મહેસાણા અને શામળાજી તરફ જતો વાહન વ્યવહાર સુગમ બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મંજૂરી બદલ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ સોશિયલ મીડિયા પર આ અંગે જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું , સાબરકાંઠામાં રાષ્ટ્રીય રાજમાર્ગ 168-જી પર આ બાયપાસ બનશે.

---

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજથી બે દિવસ રાજ્યની મુલાકાતે આવશે. શ્રી માંડવિયા તેમના લોકસભા મત વિસ્તારમાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે.

ડૉ. મનસુખ માંડવિયા આજે સવારે જુનાગઢ જિલ્લાના મેંદરડા ખાતે યોજાનારા સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ ગંગેડી આશ્રમની મુલાકાત લેશે. શ્રી માંડવિયા આજે બપોરે વંથલીના ખોરસામાં આવેલા તિરૂપતિ બાલાજી મંદિરમાં દર્શન કરશે.

ઉપરાંત શ્રી માંડવિયા મઢડા ખાતે આવેલા સોનલધામ મંદિરના દર્શન કરશે. સાથે જ તેઓ વંથલી માર્કેટિંગ યાર્ડ અને જુનાગઢ શહેર ભાજપ કાર્યાલયની પણ મુલાકાત લેશે.

---

# CR PATIL

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલ આજે નવસારી જિલ્લામાં આવેલી વારી એનર્જી લિમિટેડ કંપનીમાં સોલાર સેલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

---

# SURENDRANAGAR HELPLINE

મ્યાનમાર અને થાઈલૅન્ડ માં આવેલા ધરતીકંપમાં ફસાયેલા લોકોની જાણકારી માટે સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક હેલ્પલાઈન નંબર જાહેર કરાયો છે. લોકો હેલ્પલાઈન નંબર 02752 –283400 નંબર પર ફસાયેલા લોકોનું નામ, સરનામું, તાલુકાનું નામ અને બંને જગ્યાના ફૉન નંબર સહિતની વિગતો મોકલી શકશે તેમ સુરેન્દ્રનગરના જિલ્લા આપતિ વ્યવસ્થાપનની યાદીમાં જણાવાયું છે.

---

# NARMADA PARIKRAMA

નમામિ દેવી નર્મદેઃ ના નાદ સાથે નર્મદા જિલ્લામાં આજથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો પ્રારંભ થઈ રહ્યો છે. 14 કિલોમીટરની આ પરિક્રમા એક મહિના સુધી ચાલશે. આ વખતે પરિક્રમા માર્ગ અને તમામ ઘાટ પર ત્રણ કરોડ 82 લાખ રૂપિયાના ખર્ચે અનેક સુવિધા કરવામાં આવી છે.

સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસ કાસ્ટઃ હર્ષલ પંડ્યા)

*વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી નર્મદા જિલ્લામાં માં લગભગ  છ કિલોમીટર સુધી ઉત્તર દિશામાં વહે છે. તેથી જ દર વર્ષે ચૈત્ર મહિનામાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા     પરિક્રમા યોજાય છે. એક માત્ર નર્મદા નદી જ એવી છે , જેની પરિક્રમા કરવામાં આવે છે.  આગામી 27 એપ્રિલ સુધી યોજાનારી આ પરિક્રમાના માર્ગમાં આવતા શહેરાવ, રેંગણ, રામપુરા અને તિલકવાડા ઘાટ પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમામાં ગુજરાત , મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ભક્તો આવે તેવી આશા છે.*

*હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

---

## WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.  જોકે, આગામી 24 કલાક લઘુત્તમ તાપમાન યથાવત્ રહેવાની શક્યતા   હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

---

# POLICE AQATICS CHAPIONSHIP

ગાંધીનગર ખાતે  પાંચ દિવસની 72-મી ઑલ ઇન્ડિયા પૉલીસ ઍક્વેટિક્સ અને ક્રૉસ-કન્ટ્રી   ચેમ્પિયનશિપનું ગઈકાલે સમાપન  થયું.  આ સ્પર્ધામાં રાજ્ય પોલીસની 18 અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળની નવ ટીમ મળી કુલ 27 ટીમના 704 પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો. તમામ સ્પર્ધકોએ સ્વિમિંગ , ડાઈવિંગ અને વૉટર પૉલો સહિત 20 ઍક્વેટિક્સ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

સમાપન સમારંભમાં કેન્દ્રીય અનામત પોલીસ દળના મહાનિદેશક જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહ સહિતના મહાનુભાવોએ સ્પર્ધકોને તેમના સમર્પણ, અને ખેલદિલી માટે

બિરદાવ્યા હતા. તેમજ પોલીસ કર્મીઓમાં શારીરિક તંદુરસ્તી , સમૂહકાર્ય અને શિસ્તને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક , આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મોબાઈલ એપ પર 'મન કી બાત ' કાર્યક્રમનું પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણી સમાચાર , ડીડી ન્યૂઝ, PMO, માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલો પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

---